વર્ષ ૪૨, માર્ચ-૨૦૧૧, અંક-૩, આજીવન લવાજમ રૂા. ૨૦૦/-

સંસ્કાર દીપ

પ.પૂ. ગુરુવર્ય શાસ્ત્રીજી
મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી
તથા
વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય
સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી

: આશીર્વાદ :
અખંડ ભગવદ્ પરાયણ પ.પૂ. શ્રી જોગીસ્વામી
: અધ્યક્ષ :
પ.પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
: પ્રેરણા :
પ.પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
મુદ્રક : સુર્યા ઓફસેટ, આંબલી, અમદાવાદ-૫૮

: તંત્રી :
શ્રી લક્ષ્મણભાઇ આદ્રોજા
: સંપાદક :
શાસ્ત્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
: કલા સંયોજન :
ગોવિંદ જી. બાંટવા

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
વિદ્યાર્થી સંઘ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ,
મેમનગર, અમદાવાદ - ૩૮૦ ૦૫૨
સંપર્ક : (૦૭૯) ૨૭૯૧૨૫૯૧
૯૮૨૫૨૧૦૦૩૮, ૯૮૨૫૩૧૫૦૩૦
www.swaminarayangurukul.org
E-mail :sgvpgurukul@gmail.com

શિક્ષાપત્રી એક દિવાદાંડી

- સાધુ વિશ્વમંગલદાસ

ભારતીય ભદ્ર સમાજ જ્યારે શીલહીન, ગુણહીન અને કર્મહીન થવા જઇ રહ્યો છે. વ્યસન, ફેશન અને પશ્ચિમી દેશોનું આંધળું અનુકરણ કરી રહ્યો છે. ત્યારે આ ભારતીય ભદ્ર સમાજને માટે સત્યનો રાજમાર્ગ બતાવનાર તથા રાજમાર્ગ ઉપર અનુસરણ કરાવનાર જો કોઇ હોય તો તે છે શિક્ષાપત્રીરૂપી એક દિવાદાંડી.

રાત્રીના ઘોર અંધકારમાં રસ્તો ભૂલેલું જહાજ જ્યારે કિનારો ગોતી રહ્યું હોય છે ત્યારે એ જહાજને જો કોઇ કિનારો બતાવતું હોય તો તે છે દિવાદાંડી. એવીજ રીતે સંસારરૂપી સાગરમાં અટવાયેલા તથા ભટકેલા મનુષ્યને માટે સંસારસાગરમાથી ઉગરવાનો જો કોઇ રસ્તો હોય તો તે છે શિક્ષાપત્રીરૂપી દિવાદાંડી. આ શિક્ષાપત્રીરૂપી દિવાદાંડી જ માણસને ચોર્યાસી લાખ જાતની યોનિમાંથી બહાર કાઢે છે.

આ શિક્ષાપત્રી ગ્રન્થના લેખક અખિલ બ્રહ્માંડનાં અધિપતિ ભગવાન શ્રીસ્વામિનારાયણ છે. સંવત્ ૧૮૮૨નાં મહા સુદ પાંચમને દિવસે શિક્ષાપત્રી લખાઇ હતી. સંસારના દુ:ખથી પીડાતા માણસ માટે જો કોઇ સંજીવની હોય તો તે છે શિક્ષાપત્રી. આ શિક્ષાપત્રી તો આપણને અમાસના ઘોર અંધકારમાંથી બહાર કાઢી પુનમના પુર્ણ અજવાળા તરફ લઇ જાય છે.

વેદોનું જ્ઞાન જેણે પલમાં બતાવ્યું, ઉપનિષદ્‌જ્ઞાન વડે જગને જગાવિયું,
સાગરને ગાગરમાં કીધું શમન મારે ગાવું શ્રીજી પ્રભુનું શિક્ષાપત્રી રૂપી સ્તવન.

શિક્ષાપત્રીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે ગાગરમાં સાગર સમાવી છે. એટલે કે શિક્ષાપત્રીમાં થોડામાં ઘણું સમાવી લીધું છે. **‘હસ્તીપદં સર્વપદમ્’ની** જેમ હાથીનાં પગલામાં સર્વ પ્રાણીમાત્રના પગલા સમાય જાય તેમ શિક્ષાપત્રીમાં સર્વ શાસ્ત્રોનો સાર સમાયો છે. મનુષ્યો જ્ઞાનને પ્રાપ્ત કરવા કેટલાયે ગ્રંથોનો અભ્યાસ કરે છે. તપસ્વીઓ ભગવાનનાં દર્શન કરવા પોતાના શરીરને સુકવી નાખે છે. જ્યારે એ સાચા જ્ઞાનના ખજાનાને શોધવા તથા પ્રત્યક્ષ પુરુષોત્તમને પામવા માટે જો કોઇ ઉપકારક હોય તો તે માત્રને માત્ર આ શિક્ષાપત્રી જ છે અને તે ફક્ત ૨૧૨શ્લોકમાં અને તેમાં રહેલી ૪૯૨ આજ્ઞામાં જ છે. અશાન્તિના ઘુઘવાતા મહાસાગરમાં શાન્તિની ખોજ કરી રહેલાં હરકોઇ માનવી માટે શાન્તિદાયિની જો કોઇ હોય તો તે છે શિક્ષાપત્રી.

શિક્ષાપત્રીને હિન્દુ પચાવી જાણે તો તે વેદ બની જાય છે. શિક્ષાપત્રીને મુસલમાન પચાવી જાણે તો તે કુરાન બની જાય છે. શિક્ષાપત્રીને ખ્રિસ્તી પચાવી જાણે તો તે બાઇબલ બની જાય છે. શિક્ષાપત્રીરૂપી આ ગ્રન્થને જે કોઇ પચાવી જાણે તે આલોકમાં અને પરલોકમાં મહાસુખને પામે છે તથા ન કેવળ પોતાને જ પરંતુ પોતાની સાથે સંકળાયેલો પોતાનો પરિવાર, સમાજ, દેશ, તથા સર્વ પૃથ્વીવાસીઓને ફાયદો થાય છે.

આટલું તો વિચારવું જ જોઇએ કે દિવાદાંડી કોઇ એક દેશના જહાજ માટે નથી હોતી, પણ દિવાદાંડી પૂરાએ વિશ્વનાં જહાજ માટે હોય છે. ચાહે પાકિસ્તાન હો કે અમેરિકા. આવી જ રીતે શિક્ષાપત્રી કેવળ ને કેવળ સત્સંગી માટે જ નહિં પણ સારાયે વિશ્વસમુદાયને માટે છે. કળિયુગના વિશમ વાતાવરણની અંદર શિક્ષાપત્રી એક સુદર્શન ચક્ર બની સારાયે દુષણોને નષ્ટ કરી નાખે છે.

॥ શિવ માહાત્મ્ય ॥

- અજય એલ. પંડ્યા

શિવ એટલે કલ્યાણ. જે શિવત્વ આપી શકે છે એ જ પરમ ભાગવત છે. એ જ પરમ વૈષ્ણવ છે. નરસિંહ મહેતાએ કહ્યું છે ને, **તું સંગ રીયે કોઇ વૈષ્ણવ, ન થાયે ત્યાં લગી તું કાચો રે...**

પરમ વૈષ્ણવ પરમ ભાગવત ભોળાનાથની અપાર કરુણાથી આજ સુધી અનેક ભક્તોએ શ્રીહરિની ભક્તિ પ્રાપ્ત કરી છે. માટે તો તેને શંકર કહેવાય છે. પોતાની પાસે આવેલાને શ્રીહરિમાં પ્રીતિ કરાવે એ જ શિવ છે. ભગવાનનાં ભક્તોએ ભગવાનનાં ભક્તોનાં એ દિવસોને યાદ કરી ઉત્સવો ઉજવવાં જોઇએ જે દિવસો એમનાં માટે યાદી ભરેલા હોય. એ જ ન્યાયે શ્રીહરિએ પણ આશ્રિતોને પરમ ભક્ત પરમ વૈષ્ણવનાં આ પરમ પવિત્ર દિવસને શિવરાત્રીને વિષે ઉત્સવ ઉજવવાની આજ્ઞા કરી છે. શિવરાત્રી એટલે કલ્યાણની રાત્રી. જે રાત્રીએ કલ્યાણના માર્ગને શણગારાય એ શિવરાત્રી. આ રાત્રીએ કોઇપણ કલ્યાણની કેડી પર પા..પા..પગલી કરી શકે છે. બ્રાહ્મણ હોય કે શુદ્ર દરેક માટે આજની રાત્રી કલ્યાણની સીડી છે. એવી જ કંઇક કથા શિવપુરાણમાં પણ જોવા મળે છે.

કોઇ એક વનમાં ગુરુદ્રુહ નામે ભીલ પોતાનાં કુટુંબ સાથે રહેતો હતો. તે ભીલ બળવાન અને ક્રુર કર્મો કરવાવાળો હતો. તે નિરંતર જંગલમાં જઇ મૃગલાં મારતો. આમને આમ તેનો ઘણો સમય વીતી ગયો. એક દિવસે શિવરાત્રી જેવો ઉત્તમ દિવસ આવ્યો પરંતુ જંગલમાં રહેવાનાં કારણે આ ભીલને તો કાંઇ જ ખબર ન હોય. ભીલનાં પરિવારજનોને ખૂબ જ ભૂખ લાગી હતી. તેથી ભીલનાં માતા-પિતા, પત્ની-બાળકો વગેરે પ્રાર્થના કરવાં લાગ્યાં કે “હે વનેચર! અમને કંઇક ખાવાનું લઇ આપો.” આવા વચનો સાંભળી ગુરુદ્રુહ હાથમાં ધનુષ લઇ જંગલમાં જમવાનું શોધવા ચાલ્યો ગયો. જંગલમાં ગુરુદ્રુહને આજે કંઇ જ પ્રાપ્ત થયું નહિ અને સૂર્યાસ્ત પણ થઇ ગયો. ગુરુદ્રુહ તો જંગલમાં ભટકતો ભટકતો એક ઝરણાં પાસે આવ્યો અને વિચારવાં લાગ્યો કે અહિં કોઇક પ્રાણી પાણી પીવા જરુર આવશે. એમ વિચારી તે ઝરણાંમાંથી પાત્રમાં પાણી ભરી એક ઝાડ પર ચડી ગયો. આ ઝાડ બિલીનું ઝાડ હતું. રાત્રિનાં પ્રથમ પ્રહરનાં સમયે એક હરણી આ ઝરણાંમાં પાણી પીવા આવી તેને જોઇને ગુરુદ્રુહે ધનુષબાણ ચડાવ્યું અને તેનાં કારણે થોડાં પાન અને તેનાં પાત્રમાંથી જળ નીચે પડ્યાં. આ ઝાડની નીચે એક શિવલિંગ હતું. બિલીનાં પાંન તથા જળથી અનાયાસે શિવલિંગની પ્રથમ પ્રહરની પૂજા થઇ ગઇ. આ તરફ હલનચલનનાં કારણે હરણી સચેત બની ગઇ અને આજુબાજુ જોવા લાગી. તેણે પારધીને પોતાની તરફ બાણ ચડાવેલ જોયો અને હરણીને વાચા ફૂટી. હરણીએ કહ્યું કે “હે પારધી! તું શા માટે મને મારવાં માગે છે?” ત્યારે પારધીએ કહ્યું કે “મારાં માતા-પિતા તથા બાળકો ભૂખ્યાં છે અને હું તેના માટે તારું માંસ લેવા આવ્યો છું.” આ સાંભળી હરણી ખુશ થતાં બોલી કે મારું આ શરીર તારા પરિવારનું ભોજન બનતું હોય તો મારાં તો ભાગ્ય જ ખૂલી ગયાં કહેવાય પરંતુ પહેલા હું મારા બચ્ચાને મારી બહેન તથા પતિને સોંપી આવું પછી હું તારી પાસે જરૂર આવીશ. એમ હરણીએ વચન આપ્યું. પારધીને દયા આવી અને હરણીને જવા દીધી.

બીજો પ્રહર થયો ત્યાં પાછી એક હરણી પાણી પીવા માટે આવી. આ વખતે પણ શિકારીથી અનાયાસે બિલીનાં પાન તથા જળથી શિવલિંગનું બીજા પ્રહરનું પૂજન થઇ ગયું અને પહેલાંની માફક હરણીને વાચા ફૂટી અને તેણે પણ પોતાનાં બચ્ચાને બહેન તથા પતિને સોંપી પાછા આવવાં માટે વચન આપ્યું અને પારધીએ તેને પણ જવા દીધી.

ત્રીજા પ્રહરે એક હરણ આવ્યું અને શિકારી ધનુષબાણ ચડાવી તૈયાર થતો હતો ત્યારે થોડાં પાન નીચે પડ્યાં અને શિવલિંગનું ત્રીજા પ્રહરનું પૂજન અનાયાસે થઇ ગયું. પાનનાં અવાજથી હરણ સચેત બની આજુબાજુ જોવા લાગ્યું અને તેણે પારધીને પોતાની તરફ બાણ ચઢાવેલ જોયો. ત્યારે હરણને વાચા ફૂટી અને હરણે પારધીને પ્રશ્ન કર્યો કે “તું શા માટે મને મારવા માંગે છે?” ત્યારે પારધીએ પહેલાની માફક પોતાનાં પરિવારનાં ભોજનની વાત કરી. ત્યારે પોતાનાં પરિવારજનોને મળી પાછા આવવાનું વચન હરણે આપ્યું ત્યારે પારધીએ તેને પણ જવા દીધો.

આ બાજુ હરણ તથા હરણીઓ શિકારીને વચન આપ્યાની વાતો કરતાં હતાં અને વચન પ્રમાણે જવાનું વિચાર્યું ત્યારે હરણનાં બચ્ચાંઓ પણ સાથે આવવાં તૈયાર થઇ ગયાં. ચોથો પ્રહર ચાલતો હતો ત્યારે આ મૃગ-પરિવાર શિકારી પાસે જવા નીકળ્યો. આ બાજુ શિકારી રાહ જોતાં-જોતાં પાન નીચે પાડતો હતો અને તે પાન બધા જ શિવલિંગ ઉપર પડતાં હતાં જેના કારણે શિકારીની અનાયાસે ચોથા પ્રહરની પણ પૂજા થઇ ગઇ અને ગુરુદ્રુહનાં બધા જ પાપો ભસ્મ થઇ ગયાં. મૃગ-પરિવાર શિકારી પાસે આવ્યો અને અમને બધાને મારી તું તારા પરિવારનું પોષણ કર એમ હરણે શિકારીને કહ્યું. ત્યારે પૂજનનાં પ્રભાવથી ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થયેલ ગુરુદ્રુહ વિચારવાં લાગ્યો કે આ બધા પશુ હોવા છતાં પણ વચનબદ્ધ અને પ્રેમાળ છે જ્યારે હું મનુષ્ય હોવાં છતાં દુષ્ટ બુદ્ધિવાળો છું. એમ પસ્તાવો કરી ગુરુદ્રુહે મૃગ-પરિવારજનોને જવા માટે કહ્યું.

ત્યાર બાદ આકાશમાંથી દેવદૂતો વિમાન લઇને આવ્યાં અને મૃગ-પરિવારને નક્ષત્ર લોકમાં લઇ ગયાં. અને તેમને નક્ષત્રોમાં સ્થાન આપ્યું. આજે પણ મૃગશીર્ષ નક્ષત્ર આપણને જોવા મળે છે. જ્યારે ગુરુદ્રુહને ભોળાનાથે દર્શન આપી વરદાન આપ્યું કે તું શૃંગવેરનગરનો રાજા બનીશ અને તારે ત્યાં પ્રભુ રામચન્દ્ર આવશે અને તને દુર્લભ એવો મોક્ષ પ્રાપ્ત થશે. આમ અનાયાસે પૂજા કરવાં બદલ પણ પ્રભુ ભોળાનાથે દુર્લભ એવો મોક્ષ આપ્યો.

॥ સત્સંગ સમાચાર ॥

શિલાન્યાસ મહોત્સવ-વડોદરા

તારીખ-૧૬ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન શ્રીસ્વામિનારાયણ મંદિર હરિનગર,વડોદરા ખાતે નૂતન શિખરબંધ મંદિરનો **શિલાન્યાસ મહોત્સવ** ઉજવાયો. આ મહોત્સવ અંતર્ગત પંચદિનાત્મક સત્સંગીજીવન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રીમાધવપ્રિયદાસજી સ્વામી તથા પ.પૂ.સદ્‌ગુરુ જ્ઞાનજીવનદાસજીસ્વામીએ વ્યાસાસને બિરાજી કથામૃતનું રસપાન કરાવ્યું હતું. તા ૨૦ જાન્યુઆરીના રોજ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રીરાકેશપ્રસાદજી મહારાજના પવિત્ર કરકમળો દ્વારા નૂતન મંદિરનો શિલારોપણ વિધિ થયો. આ મહોત્સવમાં ધામધામથી અનેક સંતોએ પધારી મહોત્સવને શોભાવ્યો હતો. મહોત્સવનું તમામ આયોજન કોઠારી સ્વામીશ્રી શ્રીરંગદાસજી સ્વામીએ કર્યું હતું.

સત્સંગ સમારોહ-મુંબઇ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર-મુંબઇ દ્વારા તા-૨૨,૨૩ જાન્યુઆરી દરમ્યાન **સત્સંગ સમારોહ**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રીમાધવપ્રિયદાસજી સ્વામી સાથે પ્રશ્નોત્તરી તેમજ શાકોત્સવનું આયોજન થયું હતું. જેમા સ્વામીજીએ 'પ્રેમે પ્રગટ્યા રે સુરજ સહજાનંદ...' કિર્તન ઉપર વિવેચન કરી મહારાજનો અપાર મહિમા વર્ણવ્યો હતો. આ સત્સંગ સમારોહમાં પ.પૂ.સદ્‌ગુરુ પુરાણી શ્રીબાલકૃષ્ણદાસજી સ્વામીએ પધારી મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોને આશીર્વાદ પાઠવ્યા હતા.

છપૈયા પદયાત્રા

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ દ્વારા ભગવાન શ્રીસ્વામિનારાયણની પવિત્ર જન્મ ભૂમિ છપૈયાધામની પદયાત્રાનું આયોજન થયું. અખંડ ભગવત્ પરાયણ પૂ.જોગી સ્વામીના આશીર્વાદ સાથે સેવામૂર્તિ નારાયણભગતની સ્મૃતિમાં આ પદયાત્રા તારીખ ૨૬મી જાન્યુઆરીએ શરૂ થઇ. જેમાં પૂ.માધવચરણદાસજી સ્વામી, પૂ.કૃષ્ણજીવનદાસજી સ્વામી, પૂ.ગોપાલ સ્વામી, પૂ.ગોવિંદપ્રસાદ સ્વામી, પાર્ષદ પુરુષોત્તમ ભગત આદિક સંતો તથા ૨૦ જેટલા હરિભક્તો જોડાયા છે. પદયાત્રાનો પ્રારંભ મેમનગર ગુરુકુલમાં પૂ.જોગીસ્વામીના દર્શન તેમજ આશીર્વાદ સાથે થયો. પ્રથમ રાત્રિ છારોડી ગુરુકુલમાં રોકાઇ પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રીમાધવપ્રિયદાસજી સ્વામીના આશીર્વાદ સાથે ૨૬મી જાન્યુઆરીએ સહુ પદયાત્રીઓએ યાત્રાનો પ્રારંભ કર્યો. આ પદયાત્રા ૩૫ થી ૪૦ દિવસે ૧૨૦૦ કિ.મી.નું અંતર કાપી છપૈયા પહોંચશે.

શાકોત્સવ-પારડી(રાજકોટ)

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પ.પુ.સદ્‌ગુરુ પુરાણી સ્વામી તથા પ.પૂ.જોગી સ્વામી જેવા બ્રહ્મનિષ્ઠ સંતોનું કૃપાપાત્ર અને સત્સંગના રંગે રંગાયેલું ગામ પારડી(રાજકોટ) ખાતે તા-૨૯ જાન્યુઆરીના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ શાકોત્સવ કિર્તનભક્તિ, સમૂહ રાસ, કથાવાર્તા, સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા આયોજનો દ્વારા ભવ્ય રીતે ઉજવાયો. પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રીમાધવપ્રિયદાસજી સ્વામી, પ.પૂ.સદ્‌ગુરુ શ્રીબાલકૃષ્ણદાસજી સ્વામી, ધોરાજીથી પ.પૂ.મોહનપ્રસાદદાસજી સ્વામી, હરિયાળાથી પ.પૂ. ભક્તિજીવનદાસજી સ્વામી વગેરે સંતો એ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો તથા અમદાવાદ ગુરુકુલનાં વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી સહુને પ્રભાવિત કર્યા હતા. આ શાકોત્સવનું આયોજન કોરાટ પરિવાર તથા પારડી ગામનાં યુવકમંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

રાજોપચાર પૂજન-વડતાલ

ભગવાનશ્રી સ્વામિનારાયણે સ્વયં પોતાને હસ્તે પધરાવેલ અને પોતાનો અખંડ વાસ છે એવા શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણ દેવનું રાજોપચાર પૂજન પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રીરાકેશપ્રસાદજી મહારાજના સાનિધ્યમાં તારીખ ૭ ફેબ્રુઆરી નાં રોજ રાખવામાં આવ્યું હતું. આ રાજોપચાર પૂજન દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય શ્રીરામપ્રિયજી તથા અન્ય વિદ્વત્જનો તેમજ ઋષિકુમારોએ કરાવ્યું હતું. આ રાજોપચાર વિધિની સંપૂર્ણ માહિતી તથા સમજૂતી પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રીમાધવપ્રિયદાસજી સ્વામીએ આપી હતી. આ રાજોપચાર પૂજનમાં ધામ ધામથી મોટી સંખ્યામાં સંતો તેમજ હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતાં તથા આવી અદ્‌ભૂત પૂજન વિધિના સૌ પ્રથમ વાર દર્શન કરી સહુએ ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

શ્રી રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ

તારીખ ૮ ફેબ્રુઆરી વસંતપંચમીના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ છારોડી ખાતે શ્રી રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ તેમજ શાકોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે વિવિધ ઔષધિઓનો રસ, ફળોનો રસ,કેસર જળ, ચંદન વગેરે દ્રવ્યો વડે શ્રી રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજનો મહાભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેક બાદ સભામાં શિક્ષાપત્રી પૂજન થયું તથા સદ્‌ગુરુ સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો. ત્યાર બાદ શ્રી રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજની આગળ ધરાવવામાં આવેલ અન્નકૂટની આરતી સંતોએ કરી. સભાને અંતે સહુ શાકોત્સવનો પ્રસાદ લઇ છુટા પડ્યા હતા.

શ્રીહરિ મંદિર પાટોત્સવ, પોરબંદર

તારીખ ૧૦ ફેબ્રુઆરીના રોજ પોરબંદર સ્થિત સાંદીપનિ વિદ્યા નિકેતનમાં વિરાજમાન દેવોના પાટોત્સવ નિમિત્તે પૂજ્ય રમેશભાઇ ઓઝાના આમંત્રણને માન આપી પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રીમાધવપ્રિયદાસજી સ્વામી પોરબંદર પધાર્યા હતા. પ.પૂ. ગુરુશરણાનંદજી મહારાજ, પૂજ્ય રમેશભાઇ ઓઝા તથા પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રીમાધવપ્રિયદાસજી સ્વામીએ મંદિરમાં પ્રતિષ્ઠિત દેવોનો પાટોત્સવ નિમિત્તે અભિષેક કર્યો હતો. આ પ્રસંગે આયોજીત પ્રવચન માળામાં પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રીમાધવપ્રિયદાસજી સ્વામી, ગૌત્તમભાઇ પટેલ આદિ વિદ્વત્ જનોએ પ્રેરણાત્મક પ્રવચનો કર્યા હતા. આ પાટોત્સવ પ્રસંગે વૃંદાવનથી પ.પૂ. ગુરુશરણાનંદજી મહારાજ, સાહિત્યકાર ભાગ્યેશ્દેવજી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્ય રમેશભાઇ ઓઝાએ સહુ મહાનુભાવોનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

"SANSKARDIP" R.N.I. 15104/68 Permitted to post at Ahd. PSO on 9th of every month. Registered under Postal Reg. No. GAMC-1729/2010-2012 valid up to 31-12-2012 issued by SSP Ahmedabad-9
Licenced to post without Prepayments No. CPMG/GJ/85/10-12/valid upto 31-12-2012

(૧) પોરબંદર, સાંદિપની વિદ્યા નિકેતનમાં વિરાજમાન દેવોના પોટોત્સવ પ્રસંગે વ્યાખ્યાન માળામાં ઉપસ્થિત પ.પૂ. ગુરુશરણાનંદજી મહારાજ, પૂજ્ય રમેશભાઈ ઓઝા તથા પ.પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રીમાધવપ્રિયદાસજી સ્વામી તથા ભાણદેવજી (૨) શ્રી સ્વામિનારાયણ મંદિર હરિનગર,, વડોદરા ખાતે નૂતન શિખરબંધ મંદિરનો શિલાન્યાસ વિધિ કરતા પ.પૂ. ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા સંતો. (૩) વડતાલ લક્ષ્મીનારાયણ દેવનું રાજોપચાર પુજન કરતા પ.પૂ. ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના પંડિતો તથા ઋષિકુમારો. (૪) છપૈયા પદયાત્રામાં પ્રસ્થાન કરતા સંતો તથા હરિભક્તો સાથે પ.પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રીમાધવપ્રિયદાસજી સ્વામી. (૫) સત્સંગ સમારોહ મુંબઈ, આરતિદર્શન. (૬) પારડી શાકોત્સવ પ્રસંગે સ્વયંસેવકોને આશિર્વાદ આપતા સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રીમાધવપ્રિયદાસજી સ્વામ તથા. સંતો.

If undelivered Please
Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.